શ્રી

વેચાણ દસ્તાવેજ

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ વડોદરા સબ ડીસ્ટ્રીક્ટ વડોદરાના મોજે ગામ સયાજીપુરા ની સીમની સ્થાવર મિલકત/ખુલ્લા પ્લોટનો વેચાણ દસ્તાવેજ રૂ|. ______________/- (અંકે રૂપિયા ________ ______________________ પુરા) નો, આજ તારીખ / /૨૦૧૭ ને વારના રોજ આ વેચાણ દસ્તાવેજ લખી લેનાર/પહેલા પક્ષવાળા :-

MR. , AGE- , OCCUP.-
RESIDING AT –
PAN –

(જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં "તમો" અથવા "વેચાણ લેનાર/લેનારા " અથવા "પહેલા પક્ષવાળા" એ રીતે સંબોધવામાં આવેલા છે , સદર સંબોધનના અર્થમાં "લખી લેનાર" તથા તેઓના વંશ , વાલી , વારસો, એડવાઇઝરો, એડમિનિસ્ટ્રેટરો, એસાઈનીઓ, એટર્નીઓ, ઈત્યાદી તમામનો સમાવેશ થયેલો ગણવામાં આવશે.)

જોગ આ વેચાણ દસ્તાવેજ લખી આપનાર/બીજા પક્ષવાળા/જમીન માલીક:

"મનસાગર કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લી." **(PAN- AADAM 4087 D)** જે ગુજરાત સહકારી મંડળીઓ માટે કાયદો સને ૧૯૬૧ હેઠળ નોંધાયેલ હાઉસીંગ સોસાયટી છે જે જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ હાઉસીંગ કચેરીમાં નોંધણી ક્રમાંક : બી.ડી.આર./ જી.એચ./૨૦૩૯૯/ ૨૦૧૨, તા. ૨૪/૦૧/૨૦૧૪ ના રોજ નોંધાયેલ હાઉસીંગ સોસાયટી છે જેના તર્ફે તેના પ્રમુખ શ્રી નરેશભાઇ રમણભાઈ પ્રજાપતિ, ઉ.વ.આ. ૩૯, ધંધો - વેપાર તેમજ ખેતી, રહેવાસી - રીફાઈનરી રોડ, ગોરવા, વડોદરા.-૩૯૦૦૧૬.

(જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં "અમો" અથવા "વેચાણ આપનાર" અથવા "બીજાપક્ષવાળા" એ રીતે સંબોધવામાં આવેલ છે. સદર સંબોધનના અર્થમાં "લખી આપનારા" તથા ભાગીદારી પેઢીનાં વખતો-વખતનાં ભાગીદારો તેઓના વંશ, વાલી, વારસો, સક્સેસરો, એટર્નીઓ, વકીલો, એડમિનિસ્ટ્રેટરો, એસાઈનીઓ , એકઝીકયુટરો , વિગેરે ઈત્યાદી તમામનો સમાવેશ થાય છે.)

જોગ સંમતી આપનાર : ત્રીજા પક્ષવાળા :

"શ્રી રંગમ ગૃપ" **(PAN - ACWFS 5310 B)** એ નામની ભાગીદારી પેઢી તર્ફે અને વતી વહીવટ કર્તા ભાગીદાર શ્રી રાજેશકુમાર મનુભાઈ પટેલ , ઉ.વ.આ. ૪૦, ધંધો - વેપાર, તેઓની ઓફિસ – ૧૧, બી.એચ. કોમ્પલેક્ષ, કારેલીબાગ, વડોદરા.

(જેમને હવે પછી સદર વેચાણ દસ્તાવેજમાં સંમતી આપનાર "ત્રીજા પક્ષવાળા" તરીકે દાખલ કરેલ છે.)

જોગ, અમો બીજી તરફવાળાની માલીકી કબજા ભોગવટાવાળી સ્થાવર જમીન મિલકત/ જત રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ વડોદરા સબ ડીસ્ટ્રીક્ટ વડોદરાના મોજે ગામ સયાજીપુરા ની સીમની રે.સર્વે નંબર ૧૦૦, ટી.પી. સ્કીમ નંબર ૧ ના ફાઈનલ પ્લોટ નંબર ૨૪, કે જેનું ક્ષેત્રફળ ૬૬૩૩- ચો. મી. વાળી બીનખેતીની જમીન, "માનસાગર કો-ઓપ- હાઉસીંગ સોસાયટી લી." એ નામની ધી ગુજરાત કો-ઓપરેટીવ સોસાયટીઝ એક્ટ-૧૯૬૧ ની જોગવાઈઓ અન્વયે નોંધણી નંબર બી.ડી.આર./જી.એચ./૨૦૩૯૯/૨૦૧૨, તા. ૨૪/૦૧/૨૦૧૪ ના રોજ નોંધાયેલ સરકારી ગૃહમંડળીની માલીકીની જમીન આવેલી છે. સદરહુ જમીન અમોએ તેના માલીક અને કબજેદાર શ્રી રમણભાઈ નવધણભાઈ વસાવા વિગેરે પાસેથી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલી છે, જે વેચાણ દસ્તાવેજ નોંધણી નંબર ૧૧૧૭ થી નોંધાયેલ છે. તેમાં જવા-આવવાના રસ્તાના મળેલા તથા મળવાપાત્ર હક્કો સાથે અમો આ વેચાણ દસ્તાવેજ લખી આપનારા બીજાપક્ષવાળા માલીક મુખ્તાર અને કબજો ભોગવટો ધરાવીએ છીએ જેના રેવન્યુ રેકર્ડ ગામ તલાટી દફતરે પડેલ નામફેર નોંધ થયેલ છે. તે પૈકી ઉત્તર-પુર્વ તરફની ૩૩૭૧-૪૧ ચોરસ મીટર વાળી બીન ખેતીની જમીન આવેલ છે.

સદરહુ ૩૩૭૧-૪૧ ચોરસ મીટર જમીન નો બીનખેતી વાપર ઉપયોગ કરવાની પરવાનગી (એન.એ.નો હુકમ) મે. કલેક્ટર શ્રી વડોદરાના એ તેઓના હુકમ નંબર એન. એ./એસ.આર./ ૫૦/૨૦૧૪-૨૦૧૫,નં.જમીન/ડી/કલમ-૬૫/વશી/૧૪૭ થી ૧૫૫/૨૦૧૪,તા. ૦૫/૦૧/૨૦૧૫ થી આપેલ છે.

સદરહુ ૩૩૭૧-૪૧ ચોરસ મીટર જમીનમાં બાંધકામ કરવા માટે વડોદરા મહાનગર સેવા સદનની વિકાસ પરવાનગી/રજા ચિઠ્ઠી નંબર એલ-૧૩૦/૨૦૧૫-૨૦૧૬, તા. ૧૦/૧૨/૨૦૧૫ થી બાંધકામ કરવાની પરવાનગી આપવામાં આવેલી છે.

સદરહું જમીનનું ટાઇટલ ક્લીયર સર્ટીફીકેટ એડ્વોકેટ શ્રી સ્વપનીલ એચ. શાહપટેલ સાહેબે આપેલ છે.

સદરહુ જમીનમાં બાંધકામ વિકાસ અંગે અમો બીજા પક્ષવાળા જમીન માલીકોએ ત્રીજા પક્ષવાળાને ડેવલોપમેન્ટનો કરાર લખી આપેલ છે. સદર ડેવલોપમેન્ટ કરાર ગુજરાત સરકાર શ્રી ના નિયમ અનુસાર નાયબ કલેક્ટર શ્રી સ્ટેમ્પ ડ્યુટી મુલ્યાંકન તંત્ર ની કચેરી , વડોદરા થી યોગ્ય સ્ટેમ્પ ડ્યુટી ભરી રજીસ્ટર્ડ થયેલ છે . જે આધારે સદર વેચાણ દસ્તાવેજમાં ત્રીજા પક્ષવાળા સંમતી આપનાર તરીકે સામેલ થયેલ છે.

આ જમીન/મિલકત અમારી માલીકી અને કબજા ભોગવટાની છે, સદર મિલકતમાં અમારા સિવાય અન્ય કોઈનો લાગ, ભાગ, હક્ક હીત, સંબંધ, અલાખો, બોજો કે ઇઝમેન્ટ્નો રાઇટ્સ તથા ભરણપોષણનો હક્ક નથી તેમજ સદર મિલકત અંગે કોઈપણ સરકારી કે અર્ધસરકારી ખાતાની જેવી કે ઇન્કમટેક્ષ ડીપાર્ટમેન્ટની ટાંચ કે એટેચમેન્ટ નથી કે સદર મિલકત વેચાણ કરવા માટે કોઈપણ સરકારી ખાતા તેમજ ખાનગી વ્યક્તિ તરફથી બંધન નથી તેવી બાંહેધરી આપી આ કરાર કરી આપેલો છે. સદર મિલકત અંગે કોઈપણ કોર્ટમાં કાનુની કાર્યવાહી ચાલતી નથી અગર સદર મિલકત વેચાણ અગર ટ્રાન્સફર કરવા અંગે અમોએ કોઈને પણ કોઈપણ પ્રકારનું લખાણ કરી આપેલ નથી. તથા આ મિલકત ઉપર કોઈનો ભરણપોષણનો બોજો નથી તથા કોઈ દિવાની કોર્ટની જપ્તીમાં નથી કે અવ્વલ -જપ્તીમાં નથી તથા કોઈને ગીરો , વેચાણ, બક્ષિસ, જામીનગીરીમાં આપી નથી. આમ, સદર જમીનના ટાઇટલ સંપુર્ણપણે ક્લીયર અને માર્કેટેબલ છે હોવા બાબતે તમો લખી લેનાર-ખરીદનારે પુરતી અને યોગ્ય ચકાસણી કરી કરાવી લીધેલ છે અને સામે સદર મિલકતના ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવા અંગે પુરતી ખાત્રી અને સંતોષ તમો લખી લેનાર-ખરીદનારને થતા તેમજ રીયલ એસ્ટેટ અધિનિયમ - ૨૦૧૬ અને તે હેઠળ ઘડવામાં આવેલાં નિયમો અને વિનિયમો હેઠળ નિર્દિષ્ટ કરવામાં આવ્યાં મુજબના તમામ દસ્તાવેજો જેવાં કે હક્કનો પ્રકાર દર્શાવતાં હક્ક પત્રક, ૭ અને ૧૨ નાં ઉતારા તેમજ અન્ય મહેસુલી રેકર્ડની અધિકૃત નકલો, સંબંધિત સ્થાનિક સત્તામંડળ દ્વારા મંજુર કરવામાં આવેલાં નકશા અને લે – આઉટની અધિકૃત નકલો પણ તમો લખી લેનારને તપાસણી માટે આપ્યા છે

અને તે તમામ દસ્તાવેજો તમો લખી લેનારે જોઈ તપાસી યોગ્ય ચકાસણી કરી/કરાવી તમોને સદર મિલકતના ટાઇટલ તથા બાંધકામ બાબતે તેનાથી સંતોષ હોઈ તમો લખી લેનારની માંગણી અને જરૂરીયાત મુજબ અમો લખી આપનાર – વેચાણ આપનારએ તેવો પાકો ભરોસો વિશ્વાસ અને બાંહેધરી આપી તમોને પરીશિષ્ટ-૧ વાળી જમીનમાં બનાવેલ પરીશિષ્ટ-૨ વાળી મિલકત વેચાણ આપીએ છે.

સદરહુ ઉપરોક્ત જમીન મિલકતના વડોદરા મહાનગર સેવા સદન ના મંજુર થયેલ નકશા મુજબ અમો બીજા અને ત્રીજા પક્ષવાળાએ તમો પહેલા પક્ષવાળાને સદર વેચાણ દસ્તાવેજના પરીશીષ્ટમાં દર્શાવેલ ફેશ –બી માં આવેલ ટાઇપ- ____, પ્લોટ નંબર ______ ના બાંધકામવાળી મિલકત આ વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ છે . સદર સબ પ્લોટની મિલકતનું વિગતવાર વર્ણન નીચે મુજબ છે.

<u>વેચાણ આપેલ મિલકતનું પરિશિષ્ટ-(**ફેશ–બી)**</u>

૨ જીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ વડોદરા સબ ડીસ્ટ્રીક્ટ વડોદરાના મોજે ગામ સયાજીપુરા ની સીમની રે.સર્વે નં. ૧૦૦, ટી.પી. સ્કીમ નંબર ૧ ના ફાઇનલ પ્લોટ નંબર ૨૪ , કે જેનું ક્ષેત્રફળ અનુક્રમે ૬૬૩૬-00 ચોરસ મીટર વાળી બીન ખેતીની જમીન આવેલ છે. તે પૈકી ઉત્તર-પુર્વ તરફની ૩૩૭૧-૪૧ ચોરસ મીટર બીનખેતીની જમીનમાં "શ્રી રંગમ વિન્ટેજ" નું આયોજન કરેલ છે, તે પૈકી ફેશ–બી માં આવેલ ટાઇપ ,____ - પ્લોટ નંબર -__________ વાળી જમીન/મિલકત જેનું માપ નીચે મુજબ છે . તે મિલકત આ વેચાણ દસ્તાવેજથી વેચાણ આપીએ છીએ અને કબજે આપીએ છીએ.

ટાઇપ	પ્લોટ નંબર	પ્લોટનું માપ ચો.મી.	વરાડે પડતી જમીનનું માપ ચો.મી .	કુલ પ્લોટનું માપ ચો.મી.

પ્લોટની <u>ચતુ:સીંમાં</u> નીચે મુજબ છે .

પૂર્વે :-
પશ્ચિમે :-
ઉત્તરે :-
દક્ષિણે :-

ઉપરોક્ત પરિશિષ્ટવાળી મિલકતનો વેચાણ દસ્તાવેજ અમો બીજા પક્ષવાળા તથા ત્રીજા પક્ષવાળાએ જમીનના કુલ અવેજ રૂા. ____________/- (અંકે રૂપિયા _________________ ____ પુરા) તમારી પાસેથી સ્વીકારી તેના

બદલામાં તમો પહેલાં પક્ષવાળાને કરી આપેલ છે.   તેની પહોંચ અમો ત્રીજા પક્ષવાળા સ્વીકારીએ છીએ. જે ચેકથી મળેલ છે.

આમ   , ઉપર પ્રમાણેના વર્ણનવાળો ટાઇપ - _______, પ્લોટ નંબર - _________, ની મિલકત અમો બીજા તથા ત્રીજા પક્ષવાળા તમો પહેલા પક્ષવાળાને આજરોજ આ વેચાણ દસ્તાવેજથી વેચાણ આપી આ વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે.

સદર   પ્લોટવાળી મિલકતનો પ્રત્યક્ષ કબજો અમોએ સયુંકત રીતે તમો પહેલા પક્ષવાળાને સોપેલ છે . જે મિલકતનો કબજો તમો પહેલા પક્ષવાળાએ પ્રત્યક્ષ કબજો સંભાળી લીધો છે.

ઉપરોક્ત   અવેજની પુરેપુરી રકમ પહેલા પક્ષવાળાએ ત્રીજા પક્ષવાળાને ચેકથી ચુકવી આપેલ છે. અને ત્રીજા પક્ષવાળાએ બીજા પક્ષવાળાને અવેજની રકમ નક્કી થયા મુજબ   ચુકવી આપેલ છે. જે અવેજ સ્વીકારી કબુલ મંજુર રાખેલ છે.

ઉપર   પ્રમાણેના વર્ણનવાળી મિલકત તથા વરાડે આવતા કોમન રોડ અને કોમન પ્લોટના ક્ષેત્રફળ સાથે, તેમાના લાગતા વળગતા તમામ પ્રકારના હક્કો સાથેની તથા તેમાં જવા આવવાના રસ્તાઓ તથા પાણીના નીકાલના સર્વે પ્રકારના હક્કો સાથેની તથા રિધ્ધી-સિધ્ધી સાથેની તથા અષ્ટમાં નવે નીધ જે કાંઇ પ્રગટ થાય તે લેવાના હક્ક સાથેની મિલકત ઉપર લખેલા અવેજના રૂપિયા તમારી પાસેથી લઈને તમોને આકાશથી તે પાતાળ સુધીના   , ચાંદો સુરજ તપે ત્યાં સુધીના તમામ હક્કો સાથે યાવતચંદ્ર દીવકરો કુલ અભરામન ના દાવે અઘાટ વેચાણ આજરોજ કાયમ માટે આપેલ છે. મજકુર પ્લોટ/મિલકતનો પ્રત્યક્ષ કબજો તમો પહેલા પક્ષવાળાને આજરોજ કાયમ માટે આપેલ છે.

આમ, મજકુર પ્લોટ/મિલકતનો પ્રત્યક્ષ કબજો તમો પહેલા પક્ષવાળાને આજરોજ સુપ્રત કરેલ છે. તેથી આજથી સદર મિલકતના તમો વેચાણ રાખનાર પહેલા પક્ષવાળા તથા તમારા વંશ, વાલી, વારસો સર્વે સ્વતંત્ર માલીક થયા છો , અને તેનો માલીકી હકકે વાપર ઉપયોગ , ઉપભોગ કરવા તથા તે ગીરો, વેચાણ, બક્ષીસ કરવા તેમાં નવીન ઇમલો, ઇમારત બાંધવા તથા તેનો તમોને યોગ્ય લાગે તે રીતે વહીવટ અને વ્યવસ્થા કરવા તમો તથા તમારા વંશ , વાલી, વારસો સરવે સ્વતંત્ર માલીક થયા છો. અને હવે આ મિલકત સાથે અમો બીજા પક્ષવાળા કે અમારા વંશ, વાલી, વારસો કોઈનો કોઈપણ જાતનો હક્ક , દાવો કે લાગ , ભાગ, હક્ક, હીત, સબંધ રહેતો નથી.

આ વેચાણ દસ્તાવેજના આધારે તમો પહેલા પક્ષવાળાને વેચાણ આપેલી મિલકત રેવન્યુ રેકોર્ડમાં, સીટી સર્વે રેકોર્ડમાં , વડોદરા મહાનગર સેવા સદનમાં , મધ્ય ગુજરાત વીજ કંપની લી. વિગેરે સરકારી અને અર્ધ સરકારી કચેરીમાં તમો વેચાણ રાખનાર   તમારા નામ

ઉપર કરાવી લેવાને હક્કદાર છો. તેમાં અમો અમારી સહી સંમતી સોગંધનામાં જે જે જોઈએ તે અમો તમોને કરી આપીશું. આ મિલકત અંગેના જે કાંઇ વેરા, મહેસુલ વિગેરે આવે તે બધા આજથી તમારે ભરવાના છે. અને તેનો તમામ ખર્ચ તમો પહેલા પક્ષવાળાએ ભોગવવાનો છે. આજ પહેલાના જે કાંઇ વેરા બાકી હશે તે અમારે ભરવાના છે.

સદરહુ મિલકતમાં તમો પહેલા પક્ષવાળા એ મંજુર થયેલા નકશા મુજબ ફરજીયાત સંમતી આપનાર ત્રીજા પક્ષવાળા મારફતે પ્લોટ ઉપરનું પુરેપુરું બાંધકામ તમો પહેલા પક્ષવાળાના પોતાના સ્વખર્ચે કરાવવાનું છે. સદરહુ બાંધકામની ગુણવત્તાની જવાબદારી ત્રીજા પક્ષવાળાની રહેશે.

ઉપરોક્ત વર્ણવેલ પરિશિષ્ટવાળી મિલકતનો કબજો તમો એક પક્ષવાળાએ સ્વીકારી લીધા બાદ સદર પ્લોટ/મિલકતમાં કરવામાં આવેલ બાંધકામમાં વરસાદી પુર, ભુકંપ, કુદરતી કે વિધુતને લીધે લાગેલી આગ, વીજળી ત્રાટકવી તથા અન્ય કોઈપણ કૃત્રિમ કે કુદરતી આફતથી થયેલ જાનહાની કે અન્ય કોઈપણ પ્રકારના નુકશાન માટે લખી આપનાર બીજાપક્ષવાળાની જવાબદારી રહેશે નહીં. અને તમો એક પક્ષવાળાએ એ બાબતમાં ભવિષ્ય માં પણ ક્યારેય અમો વેચાણ આપનાર બીજા તથા ત્રીજા પક્ષવાળા સાથે વિવાદ કે તકરાર કરશો નહીં. તેવી સ્પષ્ટતા સાથે આ વેચાણ દસ્તાવેજમાં સહી કરી આપેલ છે.

આ મિલકત અમારી પોતાની સ્વપાર્જીત માલીકી કબજા ભોગવટાની છે. તેમાં અમારા સીવાય બીજા કોઈનો કોઈપણ જાતનો ભાગ , લાગ, હક્ક, હીત, સબંધ નથી તથા તે કોઇની જપ્તીમાં નથી તથા કોઈના જામીનગીરીમાં લખી આપી નથી તથા આ મિલકતના ટાઇટલ ચોખ્ખા અને માર્કેટેબલ છે . તથા આ મિલકત કોઈ દીવાની કોર્ટની જપ્તીમાં નથી તથા કોઈને ગીરો, વેચાણ, બક્ષિસ, આપી નથી . તથા બીનબોજાવાળી આ મિલકત છે. તેવો પાકો ભરોસો અને વિશ્વાસ આપીને તમોને આ મિલકત વેચાણ આપી છે અને કબજે આપી છે. તેમ છતાં કોઈ હક્ક, દાવો કરતું આવશે તો તેવી તમામ હરકતો અમો તમોને અમારા ખર્ચે દુર કરાવી આપીશું.

આ વેચાણ દસ્તાવેજથી તમોને વેચાણ આપેલી મિલકત માલીકી હકકે જરૂરી રેવન્યુ રેકર્ડ-સરકારી-અર્ધ સરકારી કચેરીઓ વિગેરેમાં આ વેચાણ દસ્તાવેજના આધારે તમો તમારા નામ ઉપર કરાવી લેવાને હક્કદાર છો અને તેમાં અમારી સહી , સંમતી જે જે જોઈએ તે અમો તમોને કરી આપીશું . આ પ્લોટ/ મિલકત અંગેના જે કાંઇ વેરા આવે તે બધા આજથી તમારે ભરવાના છે અને તે પહેલાના જે બાકી વેરા હશે તો તે અમારે ભરવાના છે . આ વેચાણ દસ્તાવેજનો સ્ટેમ્પ , નોધણી ફી, લખાઈ ફી વિગેરે તમામ ખર્ચ તમો લખી લેનાર એક પક્ષવાળાએ ભોગવેલ છે અને ભવિષ્યમાં હાલ પ્રવર્તમાન સ્ટેમ્પ એક્ટના કાયદા મુજબ વધારાની સ્ટેમ્પ ડ્યુટી ભરવાની આવે તો તે રકમ ભરવાની સંપૂર્ણ જવાબદારી તમો વેચાણ રાખનાર એક પક્ષવાળાની છે અને રહેશે. આ દસ્તાવેજમાં જણાવેલી બ્લોક/મિલકત તેની જે જે

કોમન સર્વિસ હશે તે તમોને મળશે , અને તેના અંગે જે જે કોમન ચાર્જ હશે તો તે તમારે આપવાના રહેશે અને સદર મિલકતનું જે એસોસીએશન બનાવવામાં આવે તેમાં તમારે ફરજીયાત દાખલ થવાનું છે અને તેના નીતિ-નિયમોનું તમારે પાલન કરવાનું રહેશે તથા જે કાંઇ ફી હશે તો તે તમારે આપવાની રહેશે. તેના ઉપર આ દસ્તાવેજનો આધાર છે. સદર યોજનામાં જે ડેડ એન્ડવાળા પ્લોટ માલીકોને વેચાણ આપેલ ડેડ એન્ડવાળી જગ્યા તેઓ જ માલીકી હકકે વાપર, ઉપયોગ કરવા હક્કદાર અને અધીકારી છે . તે અંગે અન્ય કોઈપણ યુનીટ વેચાણ લેનારાઓએ હાલમાં કે ભવિષ્યમાં કોઈપણ જાતનો વાંધો કે તકરાર કરવાની રહેશે નહીં . ઉપરોક્ત પરિશિષ્ટવાળી સમગ્ર જમીનમાં આયોજીત યોજનાના મંજુર થયેલા નકશામાં યોજનાનુ આયોજન કરનારા જ જરૂરીયાત મુજબના સુધારા -વધારા કરી–કરાવી ફેરફાર કરી-કરાવી શકશે અને તેવા કરાવેલા સુધારા યુનીટ લેનાર તમામ સભાસદોએ માન્ય રાખવાના રહેશે તેમાં કોઈએ કોઈપણ જાતનો વાંધો કે તકરાર કરવાની રહેશે નહીં . સદર લેખ અન્વયે વેચાણ આપેલ પ્લોટ/મિલકત અન્ય કોઈને વેચાણ આપો તો આ લેખની શરતોને આધીન રહી તેનો અમલ કરવાનો રહેશે. તેમજ સદર સોસાયટીનો કો-ઓ-હાઉસીંગ લી. માં સમાવેશ થતો હોઈ તેના તમામ નીતિ - નિયમોનું તમારે પાલન કરવાનું રહેશે તે આ દસ્તાવેજની મુખ્ય શરત છે.

ઉપર મુજબનો વેચાણ દસ્તાવેજ અમો બીજા અને ત્રીજા પક્ષવાળાએ અમારી રાજીખુશીથી, વાંચી, સમજી. વિચારી વાકેફ થઈ બિન કેફિયત હાલતમાં અક્કલ હોશીયારીથી તમોને લખી આપેલ છે. તે અમોને તથા અમારા વંશ, વાલી, વારસોને કબુલ મંજુર અને બંધનકર્તા છે અને રહેશે.

અત્રે ....મતુ અત્રે .... શાખ

લખી આપનારા -બીજા પક્ષવાળા :

“મનસાગર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી.”

જેના તર્ફે તેના પ્રમુખ, ૧. ______________________

______________________ ૨. ______________________

(શ્રી નરેશભાઇ રમણભાઈ પ્રજાપતિ)

સંમતી આપનાર : ત્રીજા પક્ષવાળા :

“શ્રી રંગમ ગૃપ” એ નામની ભાગીદારી પેઢી

તર્ફે અને વતી વહીવટ કર્તા ભાગીદાર,

____

(શ્રી રાજેશકુમાર મનુભાઈ પટેલ)

<u>શિડ્યુલ</u>

<u>રજીસ્ટ્રેશન એક્ટ ૧૯૦૮ની કલમ ૩૨ (એ) મુજબ શિડ્યુલ</u>

____

(શ્રી નરેશભાઇ રમણભાઈ પ્રજાપતિ)

<u>લખી આપનાર : બીજા પક્ષવાળા</u>

____

(શ્રી રાજેશકુમાર મનુભાઈ પટેલ)

<u>ત્રીજા પક્ષવાળા : ડેવલોપર્સ</u>

____

(શ્રી)

<u>લખી લેનાર : પહેલા પક્ષવાળા</u>

એનેક્ષચર

મિલકતની સ્થળસ્થિતિ દર્શાવતો ફોટો તથા મિલકતનું પોસ્ટલ સરનામું

સ્થાવર મિલકતનું સરનામું : - "શ્રી રંગમ વિન્ટેજ", ટાઈપ - ___,
પ્લોટ નંબર-______, ન્યુ વી.આઈ.પી. રોડ,
સયાજીપુરા, વડોદરા.

વેચાણ દસ્તાવેજ લખી લેનાર : -

વેચાણ દસ્તાવેજ લખી આપનાર : -

REF. NO. 4842/2017.

રજી. નં. :- ________________

તારીખ :- ________________

“શ્રી રંગમ વિન્ટેજ”

વેચાણ દસ્તાવેજ

NAME :- MR.

PLOT NO. :- **TYPE :-**

IMRAN N. SAIYED
FF –129, NEW HEAVEN ENCLAVE,
PANIGATE – AJWA ROAD, VADODARA.
MOB. 9879540636.